| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ. | ૦૩/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટરે લીધા તારીખ. | ૦૩/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ. | ૨૫/૦૩/૨૦૨૬ | | |
| સમય ગાળો :– | વર્ષ | માસ | દિન |
| | ૦૦ | ૦૦ | ૨૨ |

**મે.મહેસાણાના બીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મહેસાણા.**

**ફોજદારી પરચું.(જામીન) અરજી નં.૨૬૩/૨૦૨૬**
**આંકઃ–**

**અરજદાર/આરોપી** **રાઘુભા ઉર્ફે શકતી મંગાજી કુબેરસંગ સોલંકી**
ઉ.વ.આ.૨૪,
મુળ રહે.ધારપુરા (ખાંટ), તા.બેચરાજી,
જી.મહેસાણા.
હાલ રહે.સબજેલ, મહેસાણામાં.

**વિરૂધ્ધ**

**સામાવાળા** – **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

-----------------------------------------

અરજદાર/આરોપી તરફે **:–** વિ.વ.શ્રી.વી.એસ.જોષી.

સરકાર તરફે **:–** વિ.સરકારી વકીલ.શ્રી.પી.કે.દવે.

---

**વિષય :–** ભા.ના.સુ.સંહિતાની ક.૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજ

**–// ચુકાદો //–**

(૧) આરોપીને મોઢેરા પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૬ ૦૭૭૨ ૬૦૦૩૭/૨૦૨૬ બી.એન.એસ.ની કલમ–૧૦૮, ૩૫૧(૩), ૩૫૧(૨), ૫૪ તથા ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત અધિનિયમની કલમ–૪૦, ૪૨(એ) મુજબના ગુનાના કામે અટક કરી કોર્ટમાં રજૂ કરતાં જ્યુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવેલ છે તે સંજોગોમાં આરોપીએ બી.એન.એસ.એસ.ની ક.૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર જામીન મુકત થવા માટે હાલની અરજી ગુજારેલી છે, જેની વિગત ધ્યાને લીધી.

(૨) આ કામે અરજદાર તરફે વિ.વ.શ્રીની લંબાણપુર્વકની મૌખીક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો કે, આ કિસ્સામાં હાલના આરોપી નિર્દોષ છે અને પોલીસે આરોપીની ખોટી રીતે ધરપકડ કરેલ છે. આ કામે મરણજનારનું મૃત્યુ થયેલ છે પરંતુ તેની ફરીયાદ પાછળથી વિલંબથી બદઈરાદાથી દાખલ કરવામાં આવેલ છે અને ફરીયાદ વિલંબથી દાખલ કરવા માટેનો કોઈ ખુલાસો કરવામાં આવેલો નથી. આ ફરીયાદ વિલંબથી દાખલ કરવામાં આવેલ છે અને તેમા જે મરણોત્તર ચિઠ્ઠીનો ઉલ્લેખ કરવામાં આવેલો છે તે પાછળથી ખોટી અને બનાવટી ઉભી કરેલ હોય તેવી સંભાવના રહેલી છે. હાલની ફરીયાદમાં આરોપી નં.૨ તરીકે "શકિતસિંહ" તે રીતે ઉલ્લેખ કરેલ છે પરંતુ આ શકિતસિંહનું આખું નામ ફરીયાદમાં જાહેર કરવામાં આવેલુ

નથી. જેથી તે વ્યકિત હાલના અરજદાર છે કે બીજી કોઇ વ્યકિત છે તે જાહેર થતુ નથી. વધુમાં મરણજનારના પિતાએ ફરીયાદ આપેલ છે અને આ બનાવ તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજનો છે અને તે સમયે મરણજનારના પિતા લાયન્સ હોસ્પિટલમાં નોકરી કરતા હતા અને મરણજનારને લાયન્સ હોસ્પિટલમાં લાવવામાં આવેલા અને ત્યાં મરણજનારનું મૃત્યુ થયેલ છે. જેથી ફરીયાદીની વર્તણુંક પણ શંકાના વર્તુળમાં આવી જાય છે. પોલીસે હાલના આરોપીની ધરપકડ કરેલ છે. ત્યાર બાદ રીમાન્ડની માંગણી કરેલ છે જે રીમાન્ડ અરજી નામંજુર કરવામાં આવેલ જેની સામે સરકારશ્રી દ્વારા રીવીજન અરજી ગુજારવામાં આવેલ અને રીવીજનના કામે રીવીજન અરજી મંજુર કરી કેટલાક સમયના રીમાન્ડ આપવામાં આવેલા. આમ, પોલીસને હાલના આરોપીના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન માટેની પુરતી તક અને સમય મળેલો છે. આરોપીના માતા–પિતા હયાત નથી અને આરોપીને બે સગીર બાળકો છે. આવા સંજોગોમાં આરોપીના કુટુંબની જવાબદારી આરોપીના શીરે રહેલી છે અને આરોપી લાંબો સમય જેલમાં રહે તો આરોપીના કુટુંબને ભુખે મરવાનો વારો આવે તેમ છે. આરોપીનો કોઇ ગુનાહિત ભૂતકાળ નથી અને મરણજનારને આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ મળી તેવુ કોઇ કૃત્ય અરજદારે સીધુ કે સાંયોગિક રીતે કરેલ નથી અને જેથી આરોપીને કડક શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર જામીન મુકત કરવા દલીલ કરેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ. સરકારી વ.શ્રી ની લંબાણપૂર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં આરોપીના ત્રાસના કારણે મરણજનારે આત્મહત્યા કરેલ છે પરંતુ આ કિસ્સામાં મરણજનારે રૂા.૧,૦૫,૦૦૦/– વ્યાજે લીધેલા હતા અને તેની સામે લગભગ રૂા.૧૬,૦૦,૦૦૦/– જેટલુ વ્યાજ ચુકવેલ છે તેમ છતાં મરણજનારને શારીરીક અને માનસીક ત્રાસ આરોપીઓએ એકબીજાના

મેળાપીપણામાં આપેલ છે અને તેના કારણે મરણજનારે ઝેરી દવા પી આત્મહત્યા કરેલ છે અને તે સંદર્ભેનો મહત્વનો પુરાવો પોલીસને તપાસ દરમ્યાન મળી આવેલ છે. ગુનાની તપાસ ચાલુ છે તે સંજોગોમાં આરોપીની હાલની રેગ્યુલર જામીન અરજી નામંજુર (રદ્દ) કરવા દલીલ કરેલ છે.

(૪) આ કામે ત.ક.અ. નું આંક–૧૦ થી રજુ થયેલ સોગંદનામુ ધ્યાને લીધુ તેમજ પોલીસ તપાસના કાગળોની વિગતો ધ્યાને લીધી.

(૫) આ કામે મુળ ફરીયાદી હસમુખભાઇ ડાહ્યાભાઇ પટેલ નાઓએ આંક–૦૮ થી રજુ કરેલ સોગંદનામાની (વાંધા) વિગતો પણ ગંભીરતાથી વંચાણે લીધી.

(૬) આ કામે જે તે સમયે આરોપીએ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ હતી ત્યાર બાદ પોલીસે રીમાન્ડ અરજી કરતા જે નામંજુર થતા જે રીમાન્ડ અરજી નામંજુર કરવાના હુકમની સામે રીવીજન અરજી દાખલ કરવામાં આવેલ અને તે રીવીજન અરજી મંજુર થતા રીમાન્ડનો સમય પુરો થયા બાદ હાલની જામીન અરજી ગુણદોષ ઉપર ત્યારબાદ સાંભળવામાં આવેલ છે.

(૭) **આ કામે ફરીયાદીએ તા.૦૧/૦૩/૨૦૨૬ ના રોજ પોલીસમાં ફરીયાદ આપેલ છે તે અસલ ફરીયાદની વિગતને ધ્યાને લેવામાં આવે તો તેમા "કેમ્પ લાયન્સ હોસ્પિટલ" તે રીતે લખવામાં આવેલ છે. આ કામની ફરીયાદ તા.૦૧/૦૩/૨૦૨૬ ના રોજ લાયન્સ હોસ્પિટલ મહેસાણા ખાતેથી પોલીસમાં આપવામાં આવેલ છે તેવુ સ્પષ્ટ થાય છે.**

વધુમાં, **આ કામે ફરીયાદની વિગત ધ્યાને લેવામાં આવે તો મરણજનાર લાયન્સ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા અને તે દરમ્યાન અવસાન પામેલા છે.**

**તપાસના કાગળોની વિગતો ધ્યાને લેતાં મરણજનારને**

**તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ લાયન્સ હોસ્પિટલમાં જંતુનાશક દવા પીધેલી હાલમાં દાખલ કરવામાં આવેલા અને તા.૨૮/૦૨/૨૦૨૬ ના રોજ રાત્રીના કલાક ૨૩–૧૦ વાગે મરણજનાર મૃત્યુ પામેલા છે તે બાબતની દવાખાના વર્ધી પોલીસમાં આપવામાં આવેલ છે અને ત્યાર બાદ પોલીસ આગળની કાર્યવાહી માટે હરકતમાં આવેલ છે**. વધુમાં, પોલીસે પોસ્ટ મોર્ટમ કરાવવા માટે દવાખાના વર્ધીના આધારે તજવીજ પણ કરેલ છે. જેથી આ કેસમાં મરણજનાર હોસ્પિટલમાં દાખલ થયા બાદ પોલીસને જે તે સમયથી જાણ કરવામાં આવેલ છે તેવુ સ્પષ્ટ થાય છે. વધુમાં તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ ફરીયાદીનું નિવેદન મોઢેરા પોલીસ સ્ટેશનના હે.કો.એ "કેમ્પ લાયન્સ હોસ્પિટલ" કરીને નોંધેલ છે. આમ, ફરીયાદીએ બનાવ બાદ તુરંત પોલીસને મરણજનારના ઝેરી દવા પીવા સંદર્ભે પોતાને જે જે માહિતી પ્રાપ્ત હતી તે જાહેર કરી દીધેલ છે તેવુ સ્પષ્ટ થયેલ છે.

વ્યવહારના સામાન્ય ક્રમમાં કોઈ પણ માતા–પિતા પોતાનો પુત્ર મરી જશે તેવુ નકકી કરીને હોસ્પિટલમાં કયારેય દાખલ કરતી હોતી નથી. દરેક માતા–પિતા પોતાના પુત્રને હોસ્પિલમાં દાખલ કર્યા બાદ જરૂરી સારવાર મળ્યા બાદ બચી જશે અને તંદુરસ્ત થઇ પરત આવશે તેવી આશા રાખતી હોય છે. વધુમાં કેટલીક વિશિષ્ટ એવી પરિસ્થિતિ હોય છે કે જેમા બાળક હોસ્પિટલમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાતુ હોય ત્યારે બાળકના માતા–પિતાનું સંપૂર્ણ ધ્યાન પોતાના બાળક ઉપર હોય છે અને પોતાનું બાળક લાંબુ જીવે તે માટે સારામાં સારૂ મેડિકલ ટ્રીટમેન્ટ અપાવવા માટે પ્રયત્ન કરતી હોય છે તેમજ પોતે જે ધાર્મિક પંથમાં માનતી હોય છે તે ધાર્મિક પંથની જરૂરી પૂંજા અર્ચના કરી ઈશ્વરીય આર્શિવાદ પોતાના બાળકને મળે અને બાળક તંદુરસ્ત થાય તે માટે પણ લાગણીવશ થઇ પ્રયત્ન કરતી હોય છે અને જેથી આ પ્રકારની વર્તણુંક વ્યવહારના સામાન્ય ક્રમની સામાન્ય વર્તણુંક છે. આવા સંજોગોમાં આ કેસમાં પોલીસ તપાસના કાગળોની વિગતો ધ્યાને લેતા ફરીયાદ તા.૦૧/૦૩/૨૦૨૬ ના રોજ આપવામાં આવેલ છે તે

વચ્ચેના સમયગાળા દરમ્યાન પોલીસને મરણજનારે ઝેરી દવા પી લીધેલ છે તે સંદર્ભેની માહિતી આપેલ છે. જેથી આ કિસ્સામાં જે કોઇ વિલંબ છે તે વિલંબનો ખુલાસો રેકર્ડ ઉપર છે અને પોલીસ સમક્ષ પ્રથમથી આ મરણજનારે ઝેરી દવા પીધેલાની બાબત જાહેર થયેલ છે. જેથી બનાવ તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ બનેલો છે અને ફરીયાદ તા.૦૧/૦૩/૨૦૨૬ ના રોજ આપવામાં આવેલ છે તેના કારણે જે એક થી દોઢ દિવસનો વિલંબ થયેલો છે તેનો ખુલાસો તપાસના કાગળોમાં સ્વંયભૂ રીતે આવી જાય છે. જેથી વિલંબના મુદ્દા ઉપર આરોપીને આ તબકકે જામીન અરજીનો નિર્ણય કોઇ લાભ મળવા પાત્ર થતો નથી તેવુ મારૂ શુધ્ધબુધ્ધિપૂર્વકનું માનવુ છે.

(૮) આ કામે ફરીયાદીની તા.૦૧/૦૩/૨૦૨૬ ના રોજ પોલીસમાં આપેલ ફરીયાદની વિગત ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીએ આપેલ ફરીયાદમાં એવી મહત્વની વિગત જાહેર કરેલ છે કે,

> "રૂબરૂમાં જાહેર કરી મારી ફરીયાદ હકીકત લખાવુ છું કે મારે સંતાનમાં બે દિકરા છે જેમા સૌથી મોટો સંદિપકુમાર તથા તેનાથી નાનો ભાવીનભાઇ છે.
>
> **ગઇ તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ હું મારી ફરજ ઉપર લાયન્સ હોસ્પિટલમાં હાજર હતો તે વખતે મારા પિતાશ્રી ડાહયાભાઇ નાઓનો મારા ઉપર ફોન આવેલ કે સંદીપભાઇને મોઢામાં ફીણ આવી ગયેલ છે અને તેને ચકકર આવે છે તેવી મને વાત કરેલી જેથી હું એકદમ ગભરાઇ ગયેલો અને લાયન્સ હોસ્પિટલની એમ્બ્યુલન્સ લઇ રણેલા ગામે જવા નીકળેલો અને મે ૧૦૮ મે પણ આ બાબતેની પણ વર્ધી લખાવેલી અને તે પછી હું રણેલા ગામે કોલેજ નજીક પહોંચતા ૧૦૮ વાહન મને સામુ મળતા હું પણ એની સાથે મહેસાણા લાયન્સ હોસ્પિટલ ખાતે આવેલો અને મારા દિકરાને તાત્કાલિક સારવાર મળી રહે તે સારૂ તેને આઇ.સી.યુ. વોર્ડમાં દાખલ કરી તેની સારવાર ચાલુ કરાવેલી** તે દરમ્યાન મે મારા સગા નાના ભાઇ કનૈયાલાલ ઉર્ફે કનુભાઇ નાઓને પણ મે આ બનાવ બાબતેની વાત કરેલી અને તેઓ પણ થોડી વાર પછી અત્રે હોસ્પિટલમાં આવેલા અને મે તેઓને જાણ કરેલ કે સંદીપભાઇના ખીસ્સામાંથી આ સુસાઇડ નોટ કે કાગળોમાં લખેલી મળેલ તેમજ તેને પીધેલી દવાની ત્રણ બોટલો પણ મળી આવેલ જેથી આ સુસાઇડ નોટ તથા બોટલો મારા ભાઇ કનુભાઇને આપેલી ત્યાર બાદ અમો સંદીપની

સારવાર સારી રીતે થાય અને તેનો જીવ બચી જાય તે હેતુથી અમો તેની સારવારમાં રોકાયેલા અને ત્યાર બાદ પોલીસ આવતા અને અમારી પુછપરછ કરેલી અને અમારૂ નિવેદન લેતા અમોએ અમારો દિકરો બેભાન અવસ્થામાં હોય જેથી અમોએ અમારૂ નિવેદન આપેલુ ત્યાર બાદ આજરોજ બપોરના સમયે અમો બંને ભાઈઓ એટલે કે હું તથા કનુભાઈ સ્વસ્થ થતા કનુભાઈએ મને જાણ કરેલ કે મળી આવેલ સુસાઈડ નોટ તથા બોટલો હું મોઢેરા પોલીસ સ્ટેશનમાં જઈ જમા કરાવી આવુ તેવી વાત કરી તેઓ અત્રેથી મોઢેરા જવા નીકળેલા અને સાંજના આશરે નવેક વાગ્યાના સુમારે કનુભાઈ મારી પાસે આવેલા અને મને વાત કરેલ કે સંદીપભાઈના ખિસ્સામાંથી મળેલ સુસાઈડ નોટ તથા દવાના ત્રણ બોટલો હું મોઢેરા પોલીસ સ્ટેશન જમા કરાવીને આવેલ છું તેનું મોઢેરા પોલીસે પંચનામુ કરી કબજે કરેલ છે. તેવી વાત મારા ભાઈ કનુભાઈ મને આવી વાત કરેલ. જેથી સુસાઈજ નોટમાં લખેલ (૧)રાજપુત યુવરાજસિંહ પ્રવિણસિંહ મો. નં.૬૩૫૩૨૮૭૦૭૪ તથા (૨)શકિતસિંહ મો. નં.૭૬૦૦૦ ૨૩૮૦૨ તથા (૩) પ્રકાશસિંહ દરબાર મો.નં.૮૭૯૯૫૬૭૬૨૯ નાઓએ મારા દિકરાને ઉંચા વ્યાજે પૈસા આપી પાછળથી ઉંચા વ્યાજે કડક ઉઘરાણી કરી મારા દિકરા સંદીપને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી આત્મહત્યા કરવા મજબુર કરી અવાર નવાર ફોન ઉપર ધમકીઓ આપતા હોય જેથી મારા દિકરાઓ આ ઉંચુ વ્યાજ આપવાની પરિસ્થિતિ ન હોય જેથી તે આ લોકોની ડર બીકના કારણે તેનું આ જીંદગીનું અંતિમ પગલું ભરેલ હોય અને પોતે દવાથી આત્મહત્યા કરી લીધેલ હોય જેથી આ ઉપરોકત ત્રણેય વિરૂધ્ધમાં મારી કાયદેસર થવા ફરીયાદ છે તથા તપાસમાં નીકળે તે વિગેરે વિરૂધઅધમાં પણ ધોરણસર થવા ફરીયાદ છે એટલી મારી હકીકત મારા લખાવ્યા મુજબની બરાબર અને ખરી છે."

આમ, **ફરીયાદીએ પોતાની એફ.આઈ.આર.માં આ મહત્વની બાબત જાહેર કરેલ છે. જેમા આરોપી નં.૨ તરીકે "શકિતસિંહ" ના નામનો ઉલ્લેખ કરેલ છે અને તેમા શકિતસિંહના મોબાઈલ નંબરનો પણ ઉલ્લેખ કરેલ છે અને તે મોબાઈલ નં.૭૬૦૦૦૨૩૮૦૨ હોવાનું દર્શાવવામાં આવેલ છે. અરજદાર તર્ફે વિ.વ.શ્રી દ્વારા જે જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે તે જામીન અરજીના પાન નં.૧ થી પાન નં.૩ સુધીની જાહેર કરવામાં આવેલ તમામ વિગતો ધ્યાને લેવામાં આવે તો હાલના આરોપી "રાઘુભા ઉર્ફે શકિતસિંહ મંગાજી કુબેરસંગ સોલંકી"**

**નાઓ પોતે મોબાઇલ નંબર "૭૬૦૦૦૨૩૮૦૨" વાપરતા નથી તે રીતની કોઈ વિગત જાહેર કરવામાં આવેલ નથી**. આ સિવાય પોલીસ તપાસના કાગળોની વિગત અત્યંત ગંભીરતાથી ધ્યાને લેવામાં આવે તો મરણજનારે પોતાના મૃત્યુ સંદર્ભે જે વ્યકિતના નામનો ઉલ્લેખ કરેલ છે તેમા શકિતસિંહનો ઉલ્લેખ કરેલ છે અને શકિતસિંહના મોબાઇલ નંબરનો પણ ઉલ્લેખ કરેલ છે. તે સિવાય રૂા.૧,૦૫,૦૦૦/– વ્યાજે લેવામાં આવેલા અને તેની સામે રૂા.૧૬ લાખ વ્યાજ ચુકવવામાં આવેલ છે તે રીતની વિગત પણ તેમા જાહેર કરવામાં આવેલ છે. આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા આ મરણોતર ચિઠ્ઠી ખોટી અને બનાવટી ઉભી કરેલ હોય તે રીતે રજુઆત કરવામાં આવેલ છે પરંતુ ગુનાની તપાસ ચાલુ છે અને હેન્ડરાઇટીંગ એકસપર્ટમાંથી આ મરણોતર ચિઠ્ઠી ઉપરના લખાણ ના હસ્તાક્ષરો મરણજનારના છે કે બીજી કોઈ વ્યકિતના છે તે બાબતે રીપોર્ટ આવે ત્યાં સુધી આરોપીની તરફેણમાં વિવેકબુધ્ધિની સત્તા વાપરવી ન્યાયના હિતમાં ઉચિત જણાતુ નથી કારણ કે કોઈ પણ વ્યકિત મૃત્યુની નજીક હોય ત્યારે મરતી વખતે ખોટુ બોલવા માટેનું સ્વાભાવિક રીતે કોઈ કારણ મૃત્યુની નજીક ઉભેલ વ્યકિત પાસે હોઈ શકે નહિ.

**આ કિસ્સામાં આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્વારા મરણજનારને હાલના આરોપીનું નામ ખોટુના આ મરણોત્તર ચીઠ્ઠીમા લખવાનુ શું કારણ હતુ તે મુદ્દા ઉપર કોઈ ખુલાસો કરી શકેલા નથી.**

**આ સિવાય પોલીસ તપાસના કાગળોની વિગતો ધ્યાને લેવામાં આવે તો હાલના આરોપી "રાઘુભા ઉર્ફે શકિતસિંહ મંગાજી કુબંરસંગ સોલંકી" નાઓ પોતે મોબાઇલ નંબર "૭૬૦૦૦૨૩૮૦૨" વાપરે છે તે રીતની વિગત જાહેર થયેલ છે**. આમ, મરણજનારે મરણોતર ચિઠ્ઠીમાં જે વ્યકિતઓના નામનો ઉલ્લેખ કરેલ છે અને જે મોબાઇલ નંબર જણાવેલ છે તે મોબાઇલ નંબર હાલના આરોપીનો છે અને જેથી હાલના આરોપીની આ ગુનામાં સીધી સંડોવણી હોવાની બાબત તપાસના કામે જાહેર થયેલ વિગતના આધારે સ્પષ્ટ થાય છે.

વધુમાં, **આ કામે પોલીસ તપાસના કાગળોની વિગતો ધ્યાને લેતા હાલના આરોપી "૧૦ ટકા(માસીક) થી ૨૦ ટકા (માસીક)" વ્યાજે પૈસા આપવાનું કામ કરે છે. જેથી આ મહત્વની બાબતને ધ્યાને લેતા માસીક ૧૦ થી ૨૦ ટકા જેટલી રકમનું વ્યાજ ખુબજ ઉંચુ થાય છે અને આ વ્યાજ બેંકના વ્યાજદર કરતા ખુબજ જોરજુલમી વાળુ છે.** વધુમાં, **વ્યાજે નાણા ધીરધાર કરવા માટેનું કોઈ લાયસન્સ ન હોય અને નાણા ધીરધાર કરવામાં આવે તો તે સ્વંયભૂ કાયદા વિરૂધ્ધની પ્રવૃતિ છે. જેથી પોલીસ તપાસના કાગળો જોતાં આ તબકકે મરણજનારના મૃત્યુ પાછળ અને મરણજનારના મૃત્યુ તરફ લઈ જવા માટે જે વ્યકિતઓનો ફાળો છે તે વ્યકિતઓ પૈકી એક વ્યકિત હાલના આરોપી છે તેવુ આ તબકકે પોલીસ તપાસના કાગળોની વિગતો આધારે સ્પષ્ટ થાય છે**.

(૯) વધુમા, આ કામે કેટલીક વોટસએપ ચેટની સ્ક્રીનશોટ તપાસના કાગળોમાં છે અને તેમા પણ નાણાકીય વ્યવહારો સંદર્ભેની કેટલીક વિગતો જાહેર કરેલ છે. જેથી તે વોટસએપ ચેટની વિગતો તથા પોલીસ તપાસના કાગળોની વિગતો અને બનાવના સંજોગો જોતાં આ તબકકે આરોપી સામે ટકી શકે તેવો પ્રથમ દર્શનીય કેસ હોવાનું જણાય છે.

આમ, ગુનાની ગંભીરતા અને જે રીતે જે સંજોગોમાં મરણજનારે આત્મહત્યા કરેલ છે તે બાબતને સવિશેષ ધ્યાને લેતાં આરોપીની તરફેણમાં વિવેકબુધ્ધિની સત્તા વાપરવા માટેનું વ્યાજબી, ઉચિત કારણ મને જણાતુ નથી.

(૧૦) આ કામે ફરીયાદીએ આંક-૦૮ થી સોગંદનામુ રજુ કરેલ છે અને ફરીયાદીએ પોતાના સોગંદનામાના પેરા-૨ અને પેરા-૩ માં મહત્વની એવી વિગત જાહેર કરેલ છે કે,

**"(૨) સદર કામના અરજદાર દ્વારા અમો ફરીયાદીના**

મરણજનાર દિકરાને રૂા.૫૫,૦૦૦/- આપેલાની સામે ફકત ૧૫ દિવસમાં જ તેની પાસેથી વ્યાજની રકમ રૂા.૯૦,૦૦૦/- લીધેલ છે. તે જ રીતે અમો ફરીયાદીના મરણજનાર દિકરાએ સદર ફરીયાદમાં જણાવેલ આરોપી પાસેથી કુલ રૂા.૧,૦૫,૦૦૦/- ની રકમ વ્યાજે લીધેલ અને જેમા તે રૂા.૫૦,૦૦૦/- નું વ્યાજ સમયસર ચુકવતો હતો પરંતુ બાકીના રૂા.૫૫,૦૦૦/- નું વ્યાજ ના ચુકવી શકતા સદર કામના અરજદાર મારવાની ધમકી આપીને વ્યાજના પૈસા મરણજનાર પાસેથી કઢાવતા હતા. આમ, સદર કામના અરજદાર અમો ફરીયાદીના દિકરાને અવાર નવાર ધમકી આપતા હોય અને ખુબજ મોટા પ્રમાણમાં વ્યાજની રકમ વસુલતા હોય અને આ મુજબની રકમ અમો ફરીયાદીનો દિકરો આપી શકવા સક્ષમ ના રહેતા અને અરજદારોની ધમકી અને ભયના કારણે અમો ફરીયાદીના દિકરા પાસે બીજો કોઈ જ રસ્તો ના હોય આ અરજદારના ત્રાસથી જ કંટાળી અને ભયથી આત્મહત્યા કરેલ છે. જેથી આવા અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો આજે અમો ફરીયાદીએ દિકરો ગુમાવ્યા છે તે મુજબ અન્ય કોઈ વ્યકિતએ પણ પોતાનો દિકરો ગુમાવાનો વારો આવે નહિ જેથી પણ અરજદારની જામીન અરજી રદ્દ કરવા નમ્ર અરજ છે.

(૩) સદર કામના અરજદારે અમો ફરીયાદીના મરણજનાર દિકરા પાસેથી રૂા.૧,૦૫,૦૦૦/- ની રકમ સામે કુલ રૂા.૧૬,૦૦,૦૦૦/- (સોળ લાખ) વ્યાજ જેટલી રકમ વસુલ કરેલ અને આ રકમ વસુલ કરતી વખતે ખૂબજ માનસીક ત્રાસ આપેલ હોય અને

**તે જયાં સુધી ત્રાસ સહન કરી શકેલ ત્યાં સુધી આ અરજદારનો ત્રાસ સહન કરેલ પણ ત્યાર બાદ તેને ખૂબજ ધમકીઓ મળેલ હોય અને ખૂબજ ત્રાણ ના કારણે અમો ફરીયાદીના દિકરાને આત્મહત્યા કરવાનો વારો આવેલ છે."**

આમ, પેરા–૨ અને પેરા–૩ ની વિગતો ધ્યાને લેતાં મરણજનાર પાસે જે રીતે વ્યાજ માંગવામાં આવતુ હતુ તેમજ વ્યાજ વસુલવા માટેની કામગીરી કરવામાં આવતી હતી અને તેના કારણે મરણજનાર ભયમાં રહેતા હતા અને ત્રાસ સહન કરતા હતા તે રીતના જે સંજોગો રજુ કરેલ છે તે ધ્યાને લેતાં વ્યવહારના સામાન્ય ક્રમમાં વ્યકિત પાસે નાણા ચુકવવા માટે પર્યાપ્ત સાધનો ન હોય અને નાણા ન હોય ત્યારે એક માત્ર વિકલ્પ ત્રાસથી બચવા માટે આત્મહત્યા કરવા માટેનો હોય છે.

જેથી, આ કિસ્સામાં મરણજનાર પાસે આત્મહત્યા કરવા સિવાય બીજો કોઇ વિંકલ્પ આરોપીઓ દ્વારા રાખવામા આવેલો હોય તેવુ જણાતુ નથી. જેથી તે દ્રષ્ટિકોણને પણ ધ્યાને લેતાં આરોપીની તરફેણમાં વિવેકબુધ્ધિની સત્તા વાપરવી ઉચિત જણાતુ નથી.

(૧૧) આવા સંજોગોમાં આ તબકકે ઉપરોકત તમામ ચર્ચાનું સારાંશ ધ્યાને લેવામાં આવે તો મરણજનારની મરણોતર ચિઠ્ઠી માના હસ્તાક્ષરો મરણજનારના જ છે કે કેમ તે બાબતે હેન્ડરાઈટીંગ એકસપર્ટનો ઓપીનીયન આવે તેમજ ગુનાની તપાસ પુરી થાય ત્યાં સુધી આરોપીને રેગ્યુલર જામીન ઉપર જામીન મુકત કરવા ન્યાયના હિતમાં ચાલુ તપાસની વિગત ધ્યાને લેતાં ઉચિત જણાતા નથી તેમ માની નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**–// હુ ક મ //–**

આથી આરોપીની હાલની રેગ્યુલર જામીન અરજી નામંજુર (રદ્દ) કરવામાં આવે છે.

હુકમની જાણ આરોપીને જેલમાં જેલર મારફતે કરવી તેવો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૨૫ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૨૫/૦૩/૨૦૨૬ (એમ.એફ. ખત્રી)

સ્થળઃ મહેસાણા. બીજા એડીશ્નલ સેશન્સ જજ,

મહેસાણા.

જીજે૦૦૬૯૧